જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૭/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૪૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૪ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૫૬,૪૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૪૨/૧૭

**સેટેલાઇટઃ** પ્રદિપ પ્રતાપરાય સુખિયા (રહે. દેવ-૨૦ આઝાદ સોસાયટી આંબાવડી) એ **સેટેલાઇટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૭/૧૭ રાતના ૮/૦૦ થી તા.૧૩/૭/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન રામદેવનગર સાઇબાબાના મંદિર સામે આર્પમાન આવાસમાં આવેલ જ્યોત ઈન્ફોટેક નામની દુકાનનુ શટર ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરીદુકાનમાંથી લેપટોપ નંગ-૫ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૪૩/૧૭

**વસ્ત્રાપુરઃ** અલ્પેશભાઇ કાંતીલાલ ગેડીયા (રહે.ગ્રીન આઇરીશ કે.કે.નગર ઘાટલોડીયા) એ તા.૧૨/૭/૧૭ કલાક ૧૧/૦૦ વાગે જજીસ બંગલો રોડ સમર્પણ બંગલોઝ ગેટ આગળ પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે ૩ બીએ ૦૬૫૧ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૮/૪૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અલ્પેશભાઇ ગેડીયાએ **વસ્ત્રાપુર** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અર્જુનભાઇ સોમાભાઇ ચલાવે છે.

ટ્રેનની અડફેટે આવી જતા મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૪૪૪/૧૭

**ઘાટલોડીયાઃ** મોતીયા સ/ઓ કૈયા મીણા (ઉ.વ.૪૭) (રહે. શકિતનગર સોસાયટી અર્જુન આશ્રમ સામે ચાંદલોડીયા) તા.૫/૭/૧૭ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે એલ.સી. ગેટ નંબર-૫ રેલ્વે કીમી ૧૩/૨ મીટર ગેજ રેલ્વે લાઇન ઉપર ટ્રેનની અટફેટે આવી જતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન સીવીલ હોસ્પીટલમાં તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે **ઘાટલોડીયા** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ભોળાભાઇ ચલાવે છે.

પાણીની ટાંકીમાંથીલાશ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૪૪૫/૧૭

**શાહીબાગઃ** તા.૧૩/૭/૧૭ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે **શાહીબાગ અસારવા ત્રિકમદાસ રામદાસની ચાલી ખાતે** અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાંથી **કલ્પેશ અશ્વીનકુમાર ત્રીપાઠી (ઉ.વ.૨૦)** ની લાશ મળી આવતા **શાહીબાગ** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી **જે.એલ.ચૌહાણ** ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૪૬/૧૭

**નિકોલઃ** અરવિંદકુમાર રૂમસિંહ રાજપુત (ઉ.વ.૨૨) (રહે. પાર્થ કોમ્પલેક્ષ ઠક્કરનગર બ્રીજની પાસે નિકોલ શ્રીજી ફેશન એમ્બ્રોડરીના કારખાનામા) એ બિમારીથી કંટાળી તા.૧૩/૭/૧૭ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ઠક્કરનગર બ્રીજની પાસે પાર્થ કોમ્પલેક્ષ શ્રીજી ફેશન એમ્બ્રોડરીના કારખાનામા પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેશકુમાર ડાહ્યાભાઇ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટઃ** મહેશ રતિલાલ દાંતણીયા (ઉ.વ.૨૧) (રહે.લાખાજીની ચાલી મેંહદીકુવા માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૩/૭/૧૭ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી વિનાયકભાઇ લક્ષ્મણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.